## હરિની દ્દષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, પેટ્રોલનાં ભાવની ચિંતા કર્યા વગર હેલ્મેટ પહેરી ટ્રાફીક નિયમો પાળશો તોય દંડની રકમ બચશે એ બચત જ છે...

# શહેરમાં ફુટપાથનુ રીપેરીંગ કરવા તંત્ર દ્વારા રી-સર્વે હાથ ધરાશે

### દબાયેલો વોક વે યોગ્ય કરવા માટે ઉચ્ચ અધિકારીઓએ તંત્રને સુચના આપી

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં મુખ્યમાર્ગો આસપાસ પથરાયેલી ફુટપાથના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ ફુટપાથની જાળવણીના અભાવે હજુ પણ વોક વે પર ગાબડા જોવા મળી રહ્યા છે. ફુટપાથની હાલતમાં સુધાર લાવવા માટે વિભાગ દ્વારા તંત્રને સર્વ હાથ ધરી દબાયેલા વોક વે ને યોગ્ય કરવા તેમજ ખાડા પુરવા માટે પણ સુચના આપી છે.

શહેરના માર્ગો પર ફુટપાથમાં ગાબડા જોવા મળી રહ્યા છે. જયારે મુખ્યમાર્ગો પર ફુટપાથ કેટલાક ઠેકાણે દબાયેલી જોવા મળી રહી છે. વોક વે નીચે બેસી જતા વોકીંગ કરનારાઓને પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.જયારે માર્ગ સુધારણાની કામગીરી દરમિયાન હાથ ધરાતા પેવર કામના લીધે માર્ગનુ લેવલ ઉંચુ આવતા મોટાભાગના ઠેકાણે ફુટપાથના કર્બિંગ સદંતર દબાઇ ગયા છે. આવા સંજોગોમાં ફુટપાથનુ કલરકામ કરવાની કામગીરી પણ અર્થવિહીન પુરવાર થઈ છે. બીજીતરફ શહેરના મુખ્યમાર્ગો પર ફુટપાથમાં મોટામસ ગાબડા જોવા મળી રહ્યા છે. ફુટપાથ તુટેલી હોવાના લીધે ગમે ત્યારે અકસ્માત સર્જાય તેવી સ્થિતિ છે.થોડા સમય અગાઉ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન વોક વે ના રીપેરીંગનુ કામ હાથ ધરાયુ હતુ. પરંતુ હજુ પણ ફુટપાથ પર ગાબડા જોવા મળી રહ્યા છે. આ સ્થિતિને ધ્યાને લઈ વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ફુટપાથની જાળવણીના મામલે તંત્રને રી સર્વે હાથ ધરવાની સુચના આપી છે. જેમાં ફુટપાથ રીપેરીંગ સહીત જે ઠેકાણેથી ફુટપાથ નીચે બેસી ગઇ હોય તેને યોગ્ય કરવા માટે પણ સર્વેના અંતે કામગીરી હાથ ધરવા માટે સુચના આપવામાં આવી છે. નગરમાં દોઢ દાયકા પુર્વે ફુટપાથનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે આ કામગીરીના અંતે નગરમાં ફુટપાથની જાળવણીનુ કામ વર્ષોથી વિસરાયેલુ છે. ફુટપાથના ગાબડા પુરવા હાથ ધરાતી કામગીરી પણ યોગ્ય ન થતા સ્થિતિ યથાવત જોવા મળે છે. જયારે કર્બિંગના કલરની કામગીરી પાછળ પણ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ જયાં સુધી ફુટપાથનુ રીપેરીંગ કરવામાં નહીં આવે ત્યાં સુધી કર્બિંગ કલર કરવાનો હેતુ પણ સરતો નથી. આગામી દિવસોમાં ફુટપાથનો સર્વે હાથ ધરાશે જયારે ત્યારબાદ વોક વેનુ જરૂરી રીપેરીંગ હાથ ધરાશે.

# આજે મનપાનું ડ્રાફ્ટ બજેટ રજુ થશે

### સામાન્ય સભામાં ડ્રાફ્ટ બજેટ કમિશનર રજુ કરી મેયરને સુપ્રત કરશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર મહાનગર પાલિકાનું આજે વર્ષ-૨૦૧૮-૧૯ના વર્ષનું ડ્રાફ્ટ અંદાજપત્ર સામાન્ય સભામાં રજુ થશે.

ગાંધીનગર મનપામાં ડ્રાફ્ટ બજેટ પહેલીવાર સામાન્ય સભામાં રજુ થવા જઈ રહ્યુ હોવાથી લોકોમાં તેમજ તંત્રમાં પણ એક નવી જ લાગણી જોવા મળી રહી છે. મનપાના કાનૂની વિવાદને પગલે સ્થાયી સમિતિ ન હોવાથી આજે કમિશનર ડૉ. રતનકુંવર ચારણ(ગઢવી) પ્રથમવાર પોતાનું ડ્રાફ્ટ બજેટ સામાન્ય સભામાં રજુ કરશે.

બજેટ રજુ થયા બાદ સામાન્ય સભા મુલ્તવી રાખવામાં આવશે અને તે પછી સભ્યોના સુધારા-વધારા તેમજ સૂચનો મળ્યા બાદ પુનઃ સામાન્ય સભા મળશે. જેમાં બજેટ મંજૂર કરવાની પ્રક્રિયા થશે.

ગાંધીનગર મહાનગરપાલિકાનું ચાલુ બજેટ રૂ. ૨૮૧ કરોડનુ છે તેમાં ૧૦થી ૧૨ ટકા જેટલો વધારો થશે તેમ મનાઈ રહ્યુ છે. બજેટમાં અન્ય મહાનગરોની જેમ કરવેરા વિહોણુ હશે.

મનપાના તંત્રને લોકાભિમુખ બનાવવા માટે કેવા નવા પગલાં લેવામાં આવે છે તેમજ આવકની વૃદ્ધિ માટે કયા સ્ત્રોતો પર ભાર મુકવામાં આવશે તેને લઈ લોકોમાં ઉત્સુકતા પ્રવર્તી રહી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાનું આ ૮મુ બજેટ હશે. જોકે પુરાંતલક્ષી બજેટ બનશે તેવા સંકેતો મળી રહ્યા છે.

બપોર ૧૨ વાગે મેયર પ્રવિણ પટેલની અધ્યક્ષતામાં મનપાના સભાખંડમાં આ સામાન્ય સભા મળશે. વિકાસના કામો પણ શું શું સૂચવવામાં આવે છે તેને લઈ લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## સમર્પણ આર્ટસ કોમર્સ કોલેજમાં સેમ-૨ના વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ચેકઅપનું આયોજન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના બીએ-બીકોમમાં સેમેસ્ટર-૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે તા. ૯મી ફેબ્રુઆરી શનિવારે સવારે ૯.૩૦ કલાકે કોલેજના એલ્યુમ્ની એસોસિએશન ઓફ સમર્પણ-આસ દ્વારા આયોજિત મેડીકલ ચેકઅપ કેમ્પ અંતર્ગત થેલેસેમિયા ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો દરેક સેમ-૨ના વિદ્યાર્થીએ લાભ લેવા જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ સાથે યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

# સે-૬ થી ૮ ના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પાંચ કરોડના ખર્ચે હાથ ધરાશે

### વિભાગ દ્વારા દરખાસ્તને મંજુરી આપી દેવાતા આગામી દિવસોમાં કામ હાથ ધરાશે

ગાંધીનગર તા. ૬

શહેરના નવા સેકટરોમાં અગાઉ આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે આ અન્વયે સે-૬ થી ૮ માં રીંગ રોડની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી હતી. પરંતુ સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ બાકી હતુ. જયારે તંત્ર દ્વારા કરવામાં આવેલી દરખાસ્તને આખરે વિભાગે મંજુરી આપી દેતા ટુંકમાં જ સે-૬ થી ૮ ના આંતરિક માર્ગોનુ કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ કરાશે.

શહેરના નવા સેકટરોમાં હજુ પણ રસ્તાઓનુ કામ બાકી છે. અલબત્ત નિયત સમયના અંતે પણ શહેરના નવા સેકટરોમાં આંતરિક માર્ગોનુ કામ હાથ ધરાયુ નથી. સે-૬ થી ૮ માં દિવાળી અગાઉ રીંગ રોડનુ કામ પુર્ણ કરી દેવાયુ હતુ. જયારે દોઢ વર્ષ અગાઉ સે -૧ થી ૫ માં આંતરિક માર્ગોનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ હતુ . પરંતુ હજુ નવા સેકટરોને અનુલક્ષીને સે-૬ થી ૮ માં આંતરિક માર્ગોનુ કામ બાકી છે. અગાઉ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને શહેરમાં માર્ગ સુધારણાના કામો હાથ ધરાયા હતા જેમાં નગરના મુખ્યમાર્ગોનુ કામ હાથ ધરાયુ હતુ આ ઉપરાંત માર્ગોના બ્યુટીફિકેશન પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના અન્ય માર્ગોની પણ સુધારણા કરવામાં આવી હતી. આ ઉપરાંત માર્ગો પર થર્મોપ્લાસ્ટના પટ્ટા તેમજ કેટ આઈ પણ લગાવવામાં આવી હતી. જો કે હજુ પણ સેકટરોના આંતરિક માર્ગોનુ કામ બાકી છે. જેમાં જુના સેકટરોમાં માર્ગ સુધારણાના કામની દરખાસ્ત વિભાગ કક્ષાએ હજુ પણ પેન્ડીંગ છે. આ ઉપરાંત નવા સેકટરોમાં પણ બાકી રહેતા વિસ્તારમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવા માટે તંત્ર દ્વારા અગાઉ વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ લાંબા સમયથી આ દરખાસ્ત પેન્ડીંગ હોવાથી માર્ગ સુધારણાનુ કામ અટવાયુ હતુ. જો કે વિભાગ દ્વારા હવે આ કામગીરીને મંજુરી આપી દેવામાં આવી છે. જેમાં સે-૬ થી ૮ માં માર્ગ સુધારણાની કામગીરી પુર્ણ કરાશે. જેમાં સેકટરોના આંતરિક રસ્તાઓનુ કામ ઘણાં સમય બાદ હાથ ધરાશે. આ માટે સ્થાનિક રહીશો દ્વારા પણ અનેકવાર તંત્રને રજુઆત કરવામાં આવી હતી. આગામી દિવસોમાં તંત્ર દ્વારા આ કામગીરી હાથ ધરાશે. સેકટરોના આંતરિક માર્ગો પણ ચકાચક કરી દેવાશે.

# નર્સિંગ કોલેજ ખાતે રાષ્ટ્રીય કક્ષાનો સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના સેક્ટર-૧૨ સ્થિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગમાં રાષ્ટ્રીય કક્ષાનો 'ચેલેન્જ એન્ડ સોલ્યુશન ઓફ નર્સિંગ એજ્યુકેશન ઈન એન્ટ્રી ફર્સ્ટ સેન્ચુરી' યોજાયો હતો. આ રાષ્ટ્રીયકક્ષાના સેમિનારમાં ગુજરાત અને ગુજરાત બહારની મળીને ૨૮ નર્સિંગ કોલેજના ૪૬૦ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ ભાગ લીધો હતો.

નર્સિંગ એજ્યુકેશન સેમિનારમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડાયરેક્ટર ડૉ. ગાર્ગી રાજપરા, ગુજરાત નર્સિંગ કાઉન્સિલના રજીસ્ટ્રાર પ્રજ્ઞા ડાભી, ગાંધીનગર મેડીકલ કોલેજના ડીન શોભના ગુપ્તા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આ પ્રસંગે નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ તથા કેમ્પસ ડાયરેક્ટરે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. સેમિનારને સફળ બનાવવા અધ્યાપકો તથા અન્ય કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

# સર્વિસ રિવોલ્વર સાફ કરવા જતા સેનાના જવાનને ગોળી વાગી ગઈ..!

### દહેગામના ખાખરા ગામે બનેલી ઘટના : ખાખરા ગામના સરપંચના દિકરાના મૃત્યુથી ગામમાં શોકનો માહોલ : આપઘાતની આશંકાની દિશામાં પણ તપાસ ચાલુ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલા ખાખરા ગામે સર્વિસ રિવોલ્વરથી



ગોળી વાગતા સેનાના જવાનનું કરૂણ મૃત્યુ નિપજ્યું છે. પૂના ખાતે ફરજ બજાવતો આ જવાન રજાઓ લઈને પોતાના ઘરે આવ્યો હતો ત્યારે ઘરમાં જ બનેલી આ ઘટનામાં અનેક તર્ક થઈ રહ્યા છે. જવાન પોતાની સર્વિસ આજે સવારે સાફ કરી રહ્યો હતો ત્યારે ટ્રિગર દબાઈ જતાં જવાનને ગોળી વાગી ગઈ હતી અને તેનું મૃત્યુ થયું હોવાની વાત ચર્ચાઈ રહી છે તો બીજી તરફ એવી પણ ચર્ચા છે કે આ જવાને આપઘાત કર્યો હોઈ શકે. દહેગામ પોલીસે આ મામલે ગુનો દાખલ કરીને ઘટનાની બારીકાઈથી તપાસ શરૂ કરી છે.

મળતી વિગત મુજબ દહેગામ તાલુકાના ખાખરા ગામમાં રહેતા અને સેનામાં પુના ખાતે ફરજ બજાવતા ધર્મેન્દ્રસિંહ સરદારસિંહ ઝાલા રજા ગાળવા પોતાના ઘરે આવ્યા હતા. રજાઓ પૂર્ણ થવાને થોડો સમય જ બાકી હતો ત્યારે આજે રિવોલ્વરની ગોળી વાગતા જવાનનુ મૃત્યુ નિપજ્યુ હતુ. પોતાની રિવોલ્વરથી પોતાના માથાના ભાગે ગોળી વાગી જતા આ ઘટના અંગે અલગ અલગ તર્ક થઈ રહ્યા છે. પરિવારના સભ્યોનુ કહેવુ છે કે ધર્મેન્દ્રસિંહ પોતે પરિણીત છે. સ્વભાવે તેઓ ખુબજ ઉત્સાહી અને જીંદગીનો ભરપુર આનંદ માણે તેવા વ્યક્તિ હતા, જયારે ગોળી વાગી ત્યારે ઘરમાં કોઈ હાજર ન હતું. રિવોલ્વર સાફ કરતા કરતા આ ઘટના બની હોવી જોઈએ બાકી પોતે આત્મહત્યા કરી શકે તેવી કોઈ બાબત છે જ નહિ. ઘર કંકાસ કે બીજી કોઈ માથાકૂટ પણ ન હતી. ઉત્તરાયણ પહેલા પોતે રજા લઈને આવ્યા હતા અને થોડા જ દિવસોમાં તેમની રજા પૂર્ણ થવાની હતી. તો આવી પરિસ્થિતિમાં પોતે પોતાની જાતને ગોળી મારી દે તે વાત પરિવારજનોનાં માન્યામાં જ નથી આવી રહી. આ ઘટનાની તપાસ કરતા પોલીસ સબ ઈન્સ્પેકટર વી.બી.દેસાઈએ જણાવ્યું કે ઘા ના નિશાન અને બીજા અન્ય પરિબળો જોતા લાગી રહ્યું છે કે પોતાની જાતે જ માથામાં ગોળી મારવામાં આવી છે એટલે કે આપઘાત કર્યો હોઈ શકે. જો કે હાલ તપાસ ચાલુ છે અને અત્યારે પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી એફએસએલની મદદ લઈ ઉંડી તપાસ આરંભી છે.

# કરોડોની જમીન પચાવી પાડવાનો કારસો રચનાર છ શખ્સો સામે ફરિયાદ

### ગલુદણ ગામની કરોડોની જમીન પચાવી પાડવા માટે કુટુંબના ચાર સભ્યો અને બે સાક્ષીઓએ મળીને ખોટા સમજૂતી કરાર બનાવ્યા હતા : વૃદ્ધ જમીન માલિકની પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૬

ડભોડા નજીક આવેલા ગલુદણ ગામનાં એક વૃદ્ધ ખેતર માલિકે ડભોડા પોલીસ મથકમાં આપેલી ફરિયાદ આખરે પોલીસે દાખલ કરી છે. કુટુંબના ચાર સભ્યો તથા બે સાક્ષીઓએ મળીને કરોડોની કિંમતની જમીન પચાવી પાડવાનો કારસો રચ્યો હોવાનો આ ફરિયાદમાં આક્ષેપ છે. ખોટા સમજૂતી કરાર બનાવીને જમીન પચાવી પાડવાનુ કાવતરું રચવામાં આવ્યું હતું. વૃદ્ધ જમીન માલિકે આપેલી ફરિયાદના આધારે ડભોડા પોલીસે આખરે છ શખ્સો સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નરોડામાં તિરૂપતિ બંગ્લોઝમાં રહેતાં ૬૩ વર્ષિય દિલીપભાઈ ગોવિંદભાઈ ત્રિવેદીએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમણે પોતાના ત્રણ ભાઈઓ કનુભાઈ, નરેન્દ્રભાઈ તથા રાજેન્દ્રભાઈ સાથે મળીને ગલુદણ ગામની સીમમાં જમીન ખરીદી હતી. દિપીલભાઈ અને રાજેન્દ્રભાઈએ બીજા ભાઈઓને પૈસા ચૂકવીને તેમના ભાગની જમીન વેચાણથી રાખીને ૧૯૯૮માં તેનો દસ્તાવેજ કરાવ્યો હતો. વર્ષ-૨૦૦૯માં કનુભાઈ અને નરેન્દ્રભાઈએ ગાંધીનગર કોર્ટમાં ગલુદણની જમીનની માલીકી અંગે દાવો કરતાં દિલીપભાઈ કોર્ટમાં હાજર થયા હતા. કનુભાઈ અને નરેન્દ્રભાઈએ દાવાના કાગળોમાં ૨૦ રૂપિયાનું સ્ટેમ્પ પેપર રજૂ કર્યું હતું. જેમાં ૧૯૯૯માં કૌટુંબીક સમજૂતી એટલે કે કબૂલાત હતી કે લગુદણ ગામની જમીન ચારેયભાઈઓની માલીકીની છે. આ કબૂલાતનામા પર જ અંદાજે ૫ વીઘા જમીન વેચવાની હોવાની જાહેરાત પણ પેપરમાં આપી દેવાઈ હતી, જેમાં તેમના નાના ભાઈ રાજેન્દ્રભાઈના ઘરનો લેન્ડલાઈન નંબર હતો. કબૂલાત નામામાં પોતાની ખોટી સહી હોવાના આક્ષેપ સાથે દિલીપભાઈએ વર્ષ ૨૦૧૫માં ગાંધીનગર પોલીસ અધિક્ષકને લેખિતમાં રજૂઆત કરી હતી. જેને પગલે પોલીસે સહીની ખરાઈ કરવા એફએસએલનો રિપોર્ટ મેળવતા સહી ખોટી હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે આ મુદ્દે હવે તેમણે ડભોડા પોલીસ સ્ટેશનમાં સ્ટેમ્પ લેનાર નરોડા રહેતા ભત્રીજા જિગ્નેશ એન. ત્રિવેદી, કબૂલાતનું લખાણ બનાવનાર ભાઈઓ કનુભાઈ ત્રિવેદી, નરેન્દ્રભાઈ ત્રિવેદી, મૃતક રાજેન્દ્રભાઈ ત્રિવેદી તથા સાક્ષીઓમાં સહી કરનાર બાપુનગરનાં ધીરુભાઈ રૈયાભાઈ પટેલ અને નરોડા રહેતા મૃતક સાક્ષી મહેન્દ્રભાઈ આશાભાઈ પટેલ સામે પોતાની કિંમતી જમીન પચાવી પાડવાના ઈરાદે ખોટા સમજૂતી કરાર કરીને તેનો કોર્ટમાં દાવા માટે ઉપયોગ કરવા બદલ ફરિયાદ નોંધાવી છે.



## શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસીનું ગૌરવ

માણસા હાઈવે પર આવેલા 'બાપુ ગુજરાત નોલેજ વિલેજ' કેમ્પસની સંલગ્ન શૈક્ષણિક સંસ્થા 'શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસી'ના ૬ઠ્ઠા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા સાત વિદ્યાર્થીઓ જીટીયુના આઈપી (ઈન્ટરનેશનલ એક્સપીરીયન્સ પ્રોગ્રામ)માં સાત અઠવાડિયાના ફાર્મસી ક્ષેત્રના 'ફાર્માકોલોજી અને મેડીસિનલ કેમેસ્ટ્રી'ના અભ્યાસ કાર્યક્રમમાં પસંદ પામ્યા છે. આંતરરાષ્ટ્રીય લેવલના અભ્યાસ કાર્યક્રમમાં પસંદગી બદલ શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસીના પ્રિન્સીપાલ પ્રો. ધર્મેશ ગોલવાલા અને સમગ્ર અધ્યાપકગણ ગૌરવની લાગણી અનુભવી, પસંદ પામેલા વિદ્યાર્થીઓને ખુબ ખુબ અભિનંદન પાઠવે છે.

## પ્રાંતિયાનો મનો દિવ્યાંગ વિદ્યાર્થી રનફોર યુનીટીમાં પ્રથમ ક્રમે

અમદાવાદ બી ફ્રેન્ડ્સ અને સ્પેશિયલ ઓલમ્પિક્સ ગુજરાત ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ચેરીટી રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિયા સ્થિત સ્મૃતિ વિકાસ શાખાના મનોદિવ્યાંગ ખેલાડી વિક્રમ ઠાકોરે એક કિમી દોડમાં પ્રથમ ક્રમ મેળવી પાંચ હજારનું ઈનામ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યુ હતુ.




# ગાંધીનગરની કલાશ્રી ડૉલ્સ વિદેશીઓના આકર્ષણનું કેન્દ્ર બની

ગાંધીનગર, તા. ૬

મહાત્મા મંદિર ખાતે ચાલી રહેલી ગરવી-ગુર્જરી ઈન્ટરનેશનલ બાયર્સ-સેલર્સ મીટમાં ગાંધીનગરમાં ૪૦ વર્ષથી ડૉલ મેકિંગ ક્ષેત્રે કાર્યરત કલાશ્રી ડોલ્સના પ્રદર્શનને વિદેશી મુલાકાતીઓનો પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડ્યો છે. કલાશ્રી ડૉલ્સના સ્ટોલ ખાતે ૧૫૦થી વધુ નમૂના પ્રસ્તુત કરાયાં છે. જે થકી ભારતીય સંસ્કૃતિ, લોકનૃત્યો, મહાત્મા ગાંધી તથા સ્ટેચ્યુ ઓફ યુનિટી વગેરેને આવરી લેતા સ્કલ્પર્સનો સમાવેશ થાય છે.

ભારતભરમાં ડૉલ મેકિંગ આર્ટ ક્ષેત્રે અગ્રણી સ્થાન ધરાવતા કલાશ્રી ફાઉન્ડેશનના સ્કલ્પચર આર્ટિસ હરિન ભટ્ટે જણાવ્યું હતું કે 'ગરવી ગુર્જરી ખાતેનો તેમનો સ્ટોલ એ સંસ્થા દ્વારા સ્થાનિક કક્ષાએ સૌ પ્રથમવાર જાહેર પ્રદર્શનનો ભાગ બન્યો છે. જેમાં આંતરરાષ્ટ્રીય મુલાકાતીઓનો ધસારો રહ્યો છે. અમારા સ્ટોલની મુલાકાતે આવેલા ૩૦ જેટલા દેશોના પ્રતિનિધિઓમાં ચીન, નેપાળ અને સાઉથ આફ્રિકાના વેપારીઓએ સારો રસ લીધો છે અને ઓડર્સ બુક કરાવ્યાં છે. મૂળભૂત રીતે ડૉલ મેકિંગ આર્ટ એ પશ્ચિમની દેન છે અને વિદેશી મુલાકાતીઓએ કલાશ્રી ડૉલ્સ ખૂબ પસંદ આવી રહી છે જે શહેર માટે ગૌરવ સમાન છે.'

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
જાહેરાત નંબર : એબી/ટીસી/૦૮, સને ૨૦૧૮-૧૯
ટેન્ડર આઈડી નં. ૩૪૬૮૧૩
**ગ્રામ્ય વિસ્તારનાં પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પ લાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬**
ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ, (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી "Procurement of Laboratory Chemicals for GWSSB Labs." માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ઠેકેદારે ટેન્ડરની શરતો પ્રમાણે ઉત્તિર્ણ થવાનું રહેશે. જે કામોની અંદાજીત કિંમત રૂ. ૧૮.૬૩ લાખ, બાનાની રકમ રૂ. ૧૮,૬૨૬/- અને ટેન્ડર ફી રૂ. ૯૦૦/- છે. ટેન્ડર ઓન લાઈન સબમીશન કરવાની છેલ્લી તા. ૧૮/૨/૨૦૧૯ના ૧૮.૦૦ કલાક સુધી છે. ટેન્ડર ડોક્યુમેન્ટ www.nprocure.com પર ઉપલબ્ધ છે. બોર્ડને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકારી રહેશે.
માહિતી/૨૮૪૭/૧૮-૧૯

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**ઈન્ડેક્ષ્ટ-સી, ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ** (ગુજરાત સરકારની સંસ્થા)
બ્લોક નં. ૭/૧, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર
ઓફીસ : (૦૭૯) ૨૩૨ ૫૬૦૦૫, ફેક્સ : ૨૩૨ ૫૬૦૦૭
Email : exdire-indext-c@gujarat.gov.in
iNDEXT-c
150 YEARS OF CELEBRATING THE MAHATMA
**ગુજરાત રાજ્યના ભવ્ય અને ભાતીગળ હાથળાશ - હસ્તકલાના કારીગરોને એવોર્ડ આપવા અરજીઓ મંગાવવા બાબત.**
ગુજરાત રાજ્યના ભવ્ય અને ભાતીગળ હાથશાળ-હસ્તકલાના વારસાને જીવંત રાખનાર કારીગરોને તેઓની ઉત્કૃષ્ઠ કામગીરીના નમૂનાઓ માટે રાજ્ય સ્તરે એવૉર્ડ આપી સન્માનીત કરવા માટે **વર્ષ ૨૦૧૬, ૨૦૧૭ અને ૨૦૧૮ના વર્ષના એવોર્ડ માટેના નમુનાઓ** મેળવવા માટે **નિયત અરજી ફોર્મમાં સંપૂર્ણ વિગતો સાથે તા. ૨૦/૨/૨૦૧૯ સુધીમાં** ઉપરોક્ત કચેરીના સરનામે અરજીઓ મંગાવવામાં આવે છે. નિયત અરજી ફોર્મ ઈન્ડેક્ષ્ટ-સીની કચેરી, અમદાવાદ હાટ, વસ્ત્રાપુર તળાવ પાસે, અમદાવાદ, ભુજ હાટ, મુન્દ્રા રોડ, ભુજની કચેરીએથી રૂબરૂમાં મેળવી શકાશે તથા વેબસાઈટ www.craftofgujarat.gujarat.gov.in ઉપરથી પણ ડાઉનલોડ કરી મેળવી શકાશે. અધુરી વિગતોવાળુ અરજી ફોર્મ રદ બાબત ગણવામાં આવશે.
માહિતી/૨૮૫૪/૧૮-૧૯ કાર્યવાહ નિયામક

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ